# ભારતની પંચવર્ષીય યોજનાઓ

- તા.૧૫ માર્ચ ૧૯૫૦ના રોજ આયોજન પંચની રચના કરવામાં આવી હતી. આ પંચના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે.
- કે.સી. નિયોગી સમિતિએ આયોજનપંચની ભલામણ કરી હતી.

| ક્રમ | યોજના | સમયગાળો | મુસદ્દો તૈયાર કરનાર | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૧૯૫૧ થી ૧૯૫૬ | હેરોલ્ડ ડોમર મોડલ (આર.એફ. હેરોડ) | ➡ રૂ. ૨૦૬૯/-કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ ખેતીને પ્રાધાન્ય આપવામાં આવ્યું.<br>➡ સામુદાયિક વિકાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.<br>➡ ભાંખરા નાગલ, દામોદર ઘટી અને હીરાકુંડ જેવી યોજના શરૂ કરવામાં આવી.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 2.1% હતો પ્રાપ્ત વિકાસદર 3.6% |
| ૨ | બીજી | ૧૯૫૬ થી ૧૯૬૧ | પી.સી. મહાલનોબિસ | ➡ રૂ. ૪૮૦૦ કરોડ નો ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ ભારે ઉદ્યોગને પ્રાથમિક્તા આપવામાં આવી.<br>➡ સમાજવાદી સમાજની તરાહ સિધ કરવા પર ભાર મુકાયો.<br>➡ આવકની અસમાનતા ઘટાડવી<br>➡ લાંબાગાળાના વિકાસ માટે આધારિત યોજના<br>➡ ત્રણ સ્ટીલ પ્લાન્ટ રાઉરકેલા, દુર્ગાપુર અને ભિલાઈની સ્થાપના કરવામાં આવી.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 4.5% હતો પ્રાપ્ત વિકાસદર 4.2%. |
| 3 | ત્રીજી | ૧૯૬૧ થી ૧૯૬૬ | ગાડગિલ યોજના | ➡ ભારતીય અર્થવ્યવસ્થાને આત્મનિર્ભર બનાવવાનો લક્ષ્ય.<br>➡ રૂપિયાનું અવમૂલ્યન કરવામાં આવ્યું.<br>➡ 1964માં બોકારો ખાતે બોકારો આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરવામાં આવી.<br>➡ 1965માં ભારતીય ખાદ્ય નિગમ અને કૃષિ કિંમત આયોગની સ્થાપના કરવામાં આવી.<br>➡ રૂ. ૧૦૪૦૦ કરોડ નો ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ ભારતના ઈતિહાસમાં સર્વાધિક નિષ્ફળ યોજના માનવામાં આવે છે.<br>➡ વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો., કૃષિ ઉત્પાદન |

gnanbhandar.com

| | | | | |
|---|---|---|---|---|
| | | | | વધારવું.<br>વિકાસદર લક્ષ્યાંક 5.6% હતો પ્રાપ્ત વિકાસદર 2.8% |
| | પ્રથમ વાર્ષિક યોજના | ૧૯૬૬ થી ૧૯૬૭ | વાર્ષિક યોજના | ➡ યુદ્ધ અને દુકાળની સ્થિતિના કારણે ચોથી પંચવર્ષીય યોજના શરૂ કરવી શક્ય ન હતી.<br>➡ રૂ. ૨૦૮૨ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ આ સમયગાળાને ‘ યોજના અવકાશ’ કહેવામાં આવે છે. |
| | દ્વિતીય વાર્ષિક યોજના | ૧૯૬૭થી ૧૯૬૮ | | ➡ રૂ. ૨૨૪૬ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા સવિશેષ ભાર મૂકવામાં આવ્યો. |
| | તૃતીય વાર્ષિક યોજના | ૧૯૬૮ થી ૧૯૬૯ | | ➡ રૂ. ૨૩૩૭ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ |
| ૪ | ચોથી | ૧૯૬૯ થી ૧૯૭૪ | ડી. આર. ગાડગિલ | ➡ યોજનાનો દાફ્ટ યોજના આયોગના ઉપાધ્યક્ષ ડી.આર. ગાડગીલે તૈયાર કર્યો હતો.<br>➡ રૂ. ૨૨,૮૮૨ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ જીવનધોરણ ઊંચું લાવવાનો હેતુ<br>➡ સ્થિરતા અને આર્થિક વૃદ્ધિ અને આત્મનિર્ભતાની મહત્તમ પ્રાપ્તિ.<br>➡ જુલાઇ 1969માં 14 વાણિજ્યિક બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 5.7% હતો પ્રાપ્ત વિકાસદર 3.4% |
| ૫ | પાંચમી | ૧૯૭૪ થી ૧૯૭૯ | ડી.પી.ઘર મોડલ | ➡ રૂ. ૬૩,૭૫૧ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ સ્વાવલંબન સિધ કરવાનો ઉદ્દેશ પર ભાર મૂકવામાં આવ્યો.<br>➡ 1974માં ‘ ન્યૂનત્તમ આવશ્યકતા કાર્યક્રમ’ ની શરૂઆત.20 સૂત્રિય કાર્યક્રમનો અમલ તથા ‘ કામના બદલામાં અનાજ’ કાર્યક્રમની શરૂઆત.<br>➡ ડી.પી.ઘર મોડલ દ્વારા ગરીબી નાબૂદી સાથે આત્મ નિર્ભરતા પ્રાપ્ત કરવી આ યોજનાનો ઉદેશ્ય હતો.<br>➡ 20 સૂત્રિય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.<br>➡ 1979માં ગ્રામીણ યુવા સ્વરોજગાર પ્રશિક્ષણ કાર્યક્રમ (TRYSEM)ની શરૂઆત થઈ<br>➡ વિકાસદર લક્ષ્યાંક 4.4% હતો પ્રાપ્ત વિકાસદર 4.96%. |

gnanbhandar.com

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | છઠ્ઠી | ૧૯૮૦ થી ૧૯૮૫ | | ➡ રૂ. ૧,૭૨,૨૧૦ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ ગરીબી નાબૂદીને અને રોજગાર સર્જન મુખ્ય લક્ષ્ય ગણવામાં આવ્યું.<br>➡ કૃષિ અને ઔદ્યોગિક આંતરમાળખાકીય સુવિધાઓની મજબૂતાઈ દ્વારા ગરીબી નિવારણ અને રોજગારીસર્જન.<br>➡ 1980માં 6 બેંકોનું રાષ્ટ્રીયકરણ થયું.<br>➡ 12 જુલાઇ 1982માં કૃષિ અને ગ્રામીણ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક નાબાર્ડની સ્થાપના થઈ.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 5.2% હતો પ્રાપ્ત વિકાસદર 5.4% |
| ૭ | સાતમી | ૧૯૮૫ થી ૧૯૯૦ | | ➡ અનાજ ઉત્પાદનમાં વૃદ્ધિ, ઉત્પાદકતા અને રોજગારીની ટકોમાં વૃદ્ધિ, આત્મનિર્ભરતા, આધુનિકીકરણ અને સામાજિક ન્યાય આ યોજનાનો ઉદ્દેશ હતો.<br>➡ રૂ. ૩,૨૨,૩૬૬ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ ખાદ્યાન્ન ઉત્પાદનમાં, ઉત્પાદકતા તેમ જ રોજગારીની ટકોમાં વૃદ્ધિ તથા આધુનિકરણ.<br>➡ પ્રો. રાજકૃષ્ણા આ યોજનાને ‘ હિંદુ વૃદ્ધિદર’ના રૂપમાં વર્ણવી છે.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 5.0% હતો પ્રાપ્ત વિકાસદર 5.6% |
| | | 1990 થી 1992 | બે વાર્ષિક યોજનાઓ | ➡ 1990માં સર્જાયેલ રાજનીતિક અને આર્થિક સંકટના કારણે પંચવર્ષીય યોજના લાગુ થઈ શકી નહીં.<br>➡ 1991માં આર્થિક સુધારા- ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની ઘોષણા કરવામાં આવી.<br>➡ 1990માં લઘુ ઉધોગ વિકાસ માટેની બેંક SIDBI (Small Industrial Development Bank of India)ની સ્થાપના થઈ. |
| ૮ | આઠમી | ૧૯૯૨ થી ૧૯૯૭ | રાવ-મનમોહનસિંહ મોડલ | ➡ નવી આર્થિક નીતિ 1991માં લાગુ થઈ ત્યારબાદ આયોજન નિર્દેશાત્મક અને વિકેન્દ્રિયકૃત થવાની શરૂઆત થઈ.<br>➡ રૂ. ૬,૪૫,000 કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ દેશને આર્થિક સંકટમાંથી ઊગારવા નરસિંહમ્મા રાવની સરકાર દ્વારા આર્થિક અને રાજકોષીય સુધારાની શરૂઆત.<br>➡ પ્રધાનમંત્રીએ રોજગાર યોજનાની શરૂઆત થઈ.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 5.6% હતો પ્રાપ્ત વિકાસદર 6.76% |

gnanbhandar.com

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | નવમી | ૧૯૯૭ થી ૨૦૦૨ | | ➡ રૂ.૮,૫૯,૨૦૦ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ સામાજિક ન્યાય અને સમાનતા સાથે આર્થિક વૃદ્ધિ<br>➡ પાયાની લઘુતમ સેવાઓ જેવી કે પીવાલયક પાણી, પ્રાથમિક આરોગ્ય સેવા, શિક્ષણ તથા જાહેર વિતરણ વ્યવસ્થા નક્કી કરવામાં આવી.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 6.5% હતો પ્રાપ્ત વિકાસદર 57% |
| ૧૦ | દસમી | ૨૦૦૨ થી ૨૦૦૭ | | ➡ આ યોજનામાં રાષ્ટ્રીય વિકાસ પરિષદ (NDC)નો વધુ ફાળો રહ્યો.<br>➡ કૃષિ ક્ષેત્રને ‘ ચાલક બળ’ તરીકે મહત્વ આપવામાં આવ્યું.<br>➡ રૂ. ૧૫,૯૨,૩૦૦ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ કૃષિક્ષેત્રને વિશેષ અંગ તરીકે સ્વીકારવામાં આવ્યું.<br>➡ GDPનો વૃદ્ધિદર 8.1 નો લક્ષ્ય.<br>➡ દરેક ક્ષેત્રમાં નીતિગત અને સંસ્થાકીય સુધારા લાવવા.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 7.9% હતો પ્રાપ્ત વિકાસદર 7.6% |
| ૧૧ | અગિયારમી | ૨૦૦૭ થી ૨૦૧૨ | | ➡ આ યોજનાનો ઉદ્દેશ ‘ સ્મવેશી વિકાસ’ હતો.<br>➡ રૂ. ૧,૨૮,૫૦૦ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ ગરીબીના આંકલન માટે 2005માં સુરેશ તેંદુલકરની અધ્યક્ષતામાં નિમાયેલ કમિટીએ 2009માં રિપોર્ટ રજૂ કર્યો.<br>➡ GDPનો વૃદ્ધિદર 8.1 નો લક્ષ્ય.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 8.0% હતો પ્રાપ્ત વિકાસદર 7.9% |
| ૧૨ | બારમી | ૨૦૧૨ થી ૨૦૧૭ | | ➡ આ યોજનાનો ઉદ્દેશ ઝડપી, વધુ સમાવેશી અને શાશ્વત વિકાસ<br>➡ રૂ. ૨,૮૩,૬૨૩ કરોડ ખર્ચની જોગવાઈ કરવામાં આવી.<br>➡ તીવ્રતમ, વધુ સમાવેશી, સતત વિકાસ.<br>➡ બધા રાજ્યોએ અગિયારમી પંચવર્ષીય યોજના કરતાં વધુ વૃદ્ધિદર હાંસલ કરવો.<br>➡ વિકાસદર લક્ષ્યાંક 8.0% હતો પ્રાપ્ત વિકાસદર 8.0% |

gnanbhandar.com